દાખલ તારીખ :–૧૬/૦૬/૨૦૧૭.
નોંધ્યા તારીખ :–૧૬/૦૬/૨૦૧૭.
ફેંસલ તારીખ :–૧૫/૦૪/૨૦૧૯.
વ્યતિત સમય :
વર્ષ–માસ–દિવસ

## મોરબીનાં મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : મોરબી.

## સેશન્સ કેસ નંબરઃ–૩૧/૨૦૧૭.

**આંક ::–**

**ફરીયાદી.** **ઘી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરુઘ્ઘ**

**તહોમતદારો (૧) અશોકભાઈ નારણભાઈ ટોળીયા ભરવાડ,**
ઉ.વ.૨૧, ધર્મે–હીન્દુ, ધંધો–પશુ પાલન,

**(૨) વિપુલભાઈ લક્ષ્મણભાઈ ટોળીયા ભરવાડ,**
ઉ.વ.૧૯, ધર્મે–હીન્દુ, ધંધો–પશુ પાલન,

રહે.બન્ને જુના રાજા વડલા તા.વાંકાનેર, જી. મોરબી.

**ગુન્હોઃ–ભારતીય દંડસંહીતા ની કલમ–૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧)૧૩૫ મુજબ.**

---

**ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી એસ.સી.દવે.**

**તહોમતદારો તરફે વિ.વકીલ શ્રી જે.એમ.પરીખ.**

---

***આર.એ.બુખારી–ઘોઘારી***
***જીજે–૦૦૯૧૬***
તારીખ :–૧૫/૦૪/૨૦૧૯.

---

**–:: ઠ રા વ ::–**

**૧).** આ કામના તહોમતદારો ની ધરપકડ તા.૦૧–૦૭–૨૦૧૪ નારોજ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૩૯/૨૦૧૪ ભારતીય દંડ સંહિતાની કલમઃ–૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૩૭ (૧) ૧૩૫ મુજબના ગુન્હા સબબ થયેલ છે. તહોમતદારોને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીન મુકત કરવામાં આવેલ છે. આ કામે તહોમતદારો વિરુઘ્ધ ચાર્જશીટ તા.૨૨–૦૭–૨૦૧૪ નારોજ વાંકાનેરના વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ છે અને વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબ શ્રી, વાંકાનેરની અદાલતમાં ફોજદારી કેસ નં.૧૦૨૭/૨૦૧૪ થી નોંધવામાં આવેલ છે. બાદમાં અત્રેની કોર્ટના સેશન્સ કેસ નં.૬૬/૨૦૧૪ ના કામની સામે ની ક્રોસ ફરીયાદ અંગેનું સદર ચાર્જશીટ હોય, સદરહું ફોજદારી કેસ નં.૧૦૨૭/૨૦૧૪ વાળો ક્રોસ કેસ હોય બાદમાં સદરહું કેસ વાંકાનેરના વિઘ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબ શ્રી, ઘ્વારા સદરહુ ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા એક માત્ર સેશન્સ કોર્ટને હોય, આ કેસ સેશન્સ કમીટ થતા, અત્રેની અદાલત સમક્ષ આવતા તે સેશન્સ કેસ નં.૩૧/૨૦૧૭ થી નોંધવામાં આવેલ અને તે બાદ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**૨).** આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તા.૨૯/૦૫/૨૦૧૪નારોજ કલાક ૧૫–૦૦ વાગ્યાના અરસામાં રાજાવડલા ગામની સીમમાં આ કામના ફરીયાદી ખેતરમાં ઢોર લઈને પ્રવેશ કરતાં આ કામના ફરીયાદીએ ઢોર ચરાવવાની ના પાડતાં તહોમતદારોને સારુ નહી લાગતાં તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદ અહમદભાઈ અમીભાઈ વકાલીયાને જેમ ફાવે તેમ ગાળો આપી, ફરીયાદીની જડબાની જમણી બાજુ તથા ડાબા હાથના કાંડે તેમજ છાતીના ભાગે લાકડીઓ વડે મુંઢમાર મારી,જાનથી મારી નાખવાની ધમકી આપી, સદરહું અરસામાં અમલમાં રહેલ મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, મોરબીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી, તે અંગેના ગુન્હા કરેલ જેથી ફરિયાદીએ હાલની ફરિયાદ નોંધાવેલ.

**૩).** આ કામના ફરિયાદીએ તહોમતદારો વિરુઘ્ઘ પો.સ્ટેશનમાં સદરહુ ફરિયાદ આપતા પી. એસ. ઓ. શ્રી એ તે અંગેની જરુરી નોંઘ કરી, આ ફરિયાદની આગળની તપાસ પી. આઈ.શ્રીને સોંપેલ.પી. આઈ. શ્રીએ આ કામે ગુન્હાવાળી જગ્યાનું પંચો રુબરુ પંચનામુ કરેલ, અટક પંચનામું કરેલ, લાગતા–વળગતાં સાહેદોના નિવેદનો નોંધેલ, ઈજા પામનારના ઈજાના સર્ટીફીકેટો મેળવી, તહોમતદારોને અટક કરી શરીરસ્થિતિનું પંચનામુ પંચો રુબરુ કરેલ અને તહોમતદારો વિરુઘ્ઘ પૂરતો પુરાવો જણાતા નામદાર અદાલતમાં તહોમતદારો વિરુઘ્ઘ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૩૭(૧) ૧૩૫ મુજબના ગુન્હા અંગેનું હાલનું ચાર્જશીટ દાખલ કરેલ.

**૪).** આ કામે આંક–૦૭ થી તહોમતદારો વિરુઘ્ઘ તહોમતનામુ ફરમાવેલ છે તથા આંક–૦૮ થી આંક–૦૯ સુધી તહોમતદારોનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં તહોમતદારો ગુન્હો કબૂલ કરેલ નથી.

**૫).** આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે.

## –: મૌખીક પુરાવો :–

| નં. | સાહેદનુ નામ અને વિગત | આંક. |
|---|---|---|
| ૧. | ફરીયાદી જૈનુલ આબેદીનભાઈ આહમદભાઈ વકાલીયા | ૧૦ |
| ૨. | પંચ સાહેદ કાનાભાઈ ગેલાભાઈ | ૧૨ |
| ૩. | પંચ સાહેદ ગાંડુભાઈ ગોકળભાઈ | ૧૪ |
| ૪. | સાહેદ આહમદભાઈ અમીભાઈ વકાલીયા | ૧૫ |
| ૫. | ડોકટર સાહેદ તરૂણભાઈ મુળુભાઈ મિયાત્રા | ૧૬ |
| ૬. | ડોકટર સાહેદ યાકુબભાઈ રહેમાનભાઈ પટેલ | ૧૮ |
| ૭. | સાહેદ હનીફભાઈ અલીભાઈ વડાવીયા | ૨૦ |
| ૮. | સાહેદ મહેશભાઈ લાલજીભાઈ નકુમ | ૨૧ |
| ૯. | પંચ સાહેદ જગુભા પોપટુભા | ૨૪ |
| ૧૦. | પંચ સાહેદ કરશનભાઈ ગીગાભાઈ | ૨૬ |
| ૧૧. | પી.એસ.ઓ સાહેદ જોરાજીભાઈ સવજીભાઈ ભાટી | ૨૭ |
| ૧૨. | ત.ક.અમલદાર પ્રકાશચંદ્ર અંબારામભાઈ દેકાવાડીયા | ૩૨ |

**૬).** આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે ::

## –: દસ્તાવેજી પુરાવો :–

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૧ |
| ૨. | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૩. | ઈજા પામનાર જૈનુલ આબેદીનની સારવારનું સર્ટીફીકેટ | ૧૭ |
| ૪. | ઈજા પામનાર જૈનુલ આબેદીનની સારવારનું સર્ટીફીકેટ | ૧૯ |
| ૫. | હથીયારબંધીના જાહેરનામાની ખરીનકલ | ૨૨ |
| ૬. | અટક પંચનામું | ૨૫ |
| ૭. | સ્ટે.ડાયરી નં.૧૫/૧૪ નો ઉતારો | ૨૭ |
| ૮. | સ્ટે.ડાયરી નં.૧૫/૧૪ નો તપાસ ડેપ્યુટ હુકમ | ૨૯ |
| ૯. | ગુન્હો રજીસ્ટર કરવાનો પત્ર | ૩૦ |
| ૧૦. | અસલ તપાસ ડેપ્યુટ હુકમ | ૩૧ |

**૭).** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૩૩ થી વધુ પુરાવો ન આપવા માંગતા હોવા અંગેની પુરસીસ રજૂ કરવામાં આવેલી છે. ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી લીધા બાદ તહોમતદારો નો ક્રિ. પ્રો. કોડ ની કલમઃ–૩૧૩ મુજબ વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં તહોમતદારો પોતાની વિરુધ્ધ રજૂ થયેલ પુરાવાની હકીકતો કબૂલ રાખેલી નથી. તહોમતદારો સોગંદ પર પુરાવો ન આપવા માંગતા હોવાનું તથા બચાવના સાહેદો તપાસવા ન માંગતા હોવાનું પોતાના વિશેષ જવાબમાં જણાવેલ છે કે, તેમની સામે ખોટો પુરાવો ઉભો કરી, ખોટીરીતે અટક કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે તેઓ કહેવાતા બનાવ વિશે કશું જાણતા નથી. તથા તેઓ નિર્દોષ હોવાનું, કોઈ ગુન્હો ન કરેલ હોવાનું જણાવેલ છે. અને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૮).** આ કામના તહોમતદારો વિરુધ્ધ ફરિયાદ પક્ષ ધ્વારા મૂકવામાં આવેલ આક્ષેપો અન્વયે ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર ઉપસ્થિત કરેલા છે. આ પુરાવાઓના આધારે ફરીયાદપક્ષના વિધ્વાન એ.પી.પી. શ્રી એસ. સી. દવેનાએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદી તથા સાહેદોએ તેમના મૌખિક પુરાવા દરમ્યાન આંક–૧૧ ની ફરિયાદ–હકીકતને સમર્થન

આપેલ છે. આંક–૧૧ ની અસલ ફરિયાદ, સ્થાનીક જગ્યાના પંચનામું, અટક પંચનામું, ફરીયાદીના ઈજા અંગેના સર્ટીફીકેટો, તબીબી અધિકારીઓનો પુરાવો, પી. એસ. ઓ. સાહેદ તથા તપાસ કરનાર અધિકારીશ્રીના મૌખિક પુરાવા, વિગેરે ઘ્યાને લેતાં, આ કામના તહોમતદારોએ તા.૨૯/૦૫/૨૦૧૪ નારોજ કલાક ૧૫–૦૦ વાગ્યાના અરસામાં રાજાવડલા ગામની સીમમાં આ કામના ફરીયાદી ખેતરમાં ઢોર લઈને પ્રવેશ કરતાં આ કામના ફરીયાદીએ ઢીર ચરાવવાની ના પાડતાં તહોમતદારોને સારુ નહી લાગતાં તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદ અહમદભાઈ અમીભાઈ વકાલીયાને જેમ ફાવે તેમ ગાળો આપી, ફરીયાદીની જડબાની જમણી બાજુ તથા ડાબા હાથના કાંડે તેમજ છાતીના ભાગે લાકડીઓ વડે મુંઢમાર મારી,જાનથી મારી નાખવાની ધમકી આપી, સદરહું અરસામાં અમલમાં રહેલ મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, મોરબીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી, તે અંગેના ગુન્હા કરેલ હોય તેવું સ્પષ્ટપણે ફલિત થાય છે.

**૮.૧).** વધુમાં વિઘ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવેતો, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદો જેવા કે, ફરીયાદી તથા ફરીયાદીના પિતાએ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ રીતે સમર્થનકારી પુરાવો આપેલ છે અને બચાવપક્ષ તરફે તેમની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ કોઈ સાહેદો એ ફરીયાદપક્ષના કેસને વિપરીત અસર કરે તેવી હકીકતો બચાવપક્ષના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા રેકર્ડ ઉપર લાવવામાં તદન નિષ્ફળ ગયેલા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ તબીબી સાહેદોનો પુરાવો જોતાં તેઓનો પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સલગ્ન જણાતો હોય ફરીયાદપક્ષનો કેસ ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આમ, ફરીયાદપક્ષ તરફે જે પુરાવા રજુ થયેલ છે તેને કાયદાની પરિસ્થિતિ સાથે મુલવવામાં આવે તો, આ કામના તહોમતદારોની બનાવ સમયની હાજરી અને બનાવમાં ભજવેલ ભાગ સ્પષ્ટરીતે રેકર્ડ ઉપર આવેલ છે. તેથી ફરીયાદપક્ષ તરફે વિઘ્વાન એ. પી. પી. શ્રી ઘ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાને લઈ આ કામના તહોમતદારોને દ્રષ્ટાંતરૂપ યોગ્ય નસીયત કરવા સજા ફરમાવવા અરજ કરવામાં આવેલ છે.

૯). બચાવ પક્ષના વિ.વ.શ્રી જે.એમ.પરીખ નાએ પોતાની મૌખીક કરી દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના કેસમાં તહોમતદારો વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામા સામે ફરીયાદપક્ષે મૌખીક પુરાવા અને દસ્તાવેજી પુરાવા થકી સાબિત કરી શકેલા નથી. આ કામે આંક–૧૦ થી રજુ થયેલ ફરીયાદી જૈનુલ આબેદીન અહેમદભાઈનો મૌખીક પુરાવાની ઉલટતપાસ ધ્યાને લેતાં, તેઓએ ફરીયાદ આપેલ તે તારીખ તેઓને યાદ નહી હોવાનું તેમજ ફરીયાદમાં જે હનીફભાઈનો ફોન તેમના બાપુજી ઉપર આવેલાનું જણાવેલ છે તે ફોન નંબર ફરીયાદમાં લખાવેલ નહી હોવાનું તથા તેઓ જે મોટર સાઈકલ લઈને ગયેલા તે મોટર સાયકલના નંબર ફરીયાદમાં લખાવેલ નહી હોવાની હકીકત કબુલ રાખેલ છે. તેમજ આંક–૧૫ થી રજુ થયેલ આહમદભાઈ અમીભાઈનો મૌખીક પુરાવાની ઉલટતપાસ ધ્યાને લેતાં, તેમા તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, તેમની હાજરીમાં કોઈ બનાવ બનેલ નથી કે પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નથી આરોપીઓ તેમના ગામના હોય વર્ષોથી ઓળખતા હોવાનું જણાવી તેઓ તેમની વાડીએ ગયેલ નહી હોવાની હકીકત કબુલ રાખે છે. તેમજ ફરીયાદપક્ષના કેસ નો જેમના પર આધાર રહેલ છે જેઓએ બનાવની જાણ કરેલ છે તે સાહેદ હનીફભાઈ અલીભાઈ વડાવીયાનો મૌખીક પુરાવો આંક–૨૦ થી નોંધવામાં આવેલ છે તેઓએ ફરીયાદપક્ષના કેસને કે તેમના નિવેદનની હકીકતને સમર્થન કરતો પુરાવો આવેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ આંક–૧૬ થી રજુ થયેલ ડો. તરુણભાઈ મુળુભાઈ મીયાત્રાનો મૌખીક પુરાવાની ઉલટતપાસ જોતાં, તેઓએ દર્દીને હીસ્ટ્રી પુછતાં મારા મારીમાં કોઈના નામ જણાવેલ નહી હોવાની હકીકત કબુલ રાખેલ છે તેમજ આંક–૧૮ થી રજુ થયેલ ડો. યાકુબ રહેમાન પટેલનો મૌખીક પુરાવો જોવામાં આવે તો, તેઓએ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની પાસે જે દર્દીએ મારામારી અંગેની હકીકત જણાવેલ તેમાં મારવાવાળાના નામ જણાવેલ ન હતાં. આમ, ઉપરોકત હકીકતો જોતાં ફરીયાદી તથા સાહેદોનો મૌખીક પુરાવો જોતાં તેઓએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતથી વિરોધાભાસી હકીકતો તેમના મૌખીક પુરાવા દરમ્યાન જણાવેલ હોય તેમજ પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય

તે તમામ હકીકતો ઘ્યાને લેતાં, ફરીયાદપક્ષ તહોમતદારોને ગુન્હામાં સાંકળતો આધારભુત પુરાવો રજુ કરવામાં સફળ થયેલ હોય તેવું જણાઈ આવતું ન હોવાથી હાલના તહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની વિનંતી તહોમતદારો તરફે તેમના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ છે.

**૧૦).** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ ા ::–**

**:૧:** શું ફરીયાદપક્ષ એવુ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૦૫/૨૦૧૪ નારોજ કલાક ૧૫–૦૦ વાગ્યાના અરસામાં રાજાવડલા ગામની સીમમાં આ કામના ફરીયાદી ખેતરમાં ઢોર લઈને પ્રવેશ કરતાં આ કામના ફરીયાદીએ ઢોર ચરાવવાની ના પાડતાં તહોમતદારોને સારુ નહી લાગતાં તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદ અહમદભાઈ અમીભાઈ વકાલીયાને જેમ ફાવે તેમ ગાળો આપી, ફરીયાદીની જડબાની જમણી બાજુ તથા ડાબા હાથના કાંડે તેમજ છાતીના ભાગે લાકડીઓ વડે મુંઢમાર મારી,જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શીક્ષાનેપાત્ર ગુના કરેલ છે?

**:૨:** શું ફરીયાદપક્ષ એવુ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદ અહમદભાઈ અમીભાઈ વકાલીયાને જેમ ફાવે તેમ ગાળો આપી, ફરીયાદીની જડબાની જમણી બાજુ તથા ડાબા હાથના કાંડે તેમજ છાતીના ભાગે લાકડીઓ વડે મુંઢમાર મારી,જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી,જાહેરમાં લાકડી જેવું હથીયાર ધારણ કરી, ગુનાના કામે ઉપયોગ કરી મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી,મોરબીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, જી. પી. એકટની કલમ–૩૭(૧) ૧૩૫ મુજબનો શીક્ષાનેપાત્ર ગુના કરેલ છે?

:૩: શું હુકમ ?

**૧૧).** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:૧: નકારાત્મક,**

**:૨: નકારાત્મક,**

**:૩: આખરી હુકમ મુજબ.**

## **–:: નિર્ણય ના કા ર ણો ::–**

**<u>મુદા નં. ૧</u> ::**

**૧૨).** આ કામના તહોમતદારો વિરુધ્ધ એવું તહોમત મૂકવામાં આવેલ છે કે,આ કામના તહોમતદારોએ તા.૨૯/૦૫/૨૦૧૪ નારોજ કલાક ૧૫–૦૦ વાગ્યાના અરસામાં રાજાવડલા ગામની સીમમાં આ કામના ફરીયાદી ખેતરમાં ઢોર લઈને પ્રવેશ કરતાં આ કામના ફરીયાદીએ ઢીર ચરાવવાની ના પાડતાં તહોમતદારોને સારુ નહી લાગતાં તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદ અહમદભાઈ અમીભાઈ વકાલીયાને જેમ ફાવે તેમ ગાળો આપી, ફરીયાદીની જડબાની જમણી બાજુ તથા ડાબા હાથના કાંડે તેમજ છાતીના ભાગે લાકડીઓ વડે મુંઢમાર મારી,જાનથી મારી નાખવાની ધમકી આપી, સદરહું અરસામાં અમલમાં રહેલ મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, મોરબીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરવામાં એક બીજાને મદદગારી કરી, તે અંગેના ગુન્હા કરેલ હોવાનો આક્ષેપ છે.

**૧૩).** આ કામના તહોમતદારો વિરુધ્ધ ફરિયાદ પક્ષ ધ્વારા ઉપરોકત મૂકવામાં આવેલ આક્ષેપો સંદર્ભે રેકર્ડ પર રજૂ થયેલ ફરીયાદ હકીકત જોતાં આ કામના ફરીયાદી જૈનુલ આબેદીન આહમદભાઈ વકાલીયા જાતે મોમીન નાએ આંક–૧૧ વાળી ફરીયાદ આપેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

"આજરોજ બપોરના આશરે અઢી વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘરે હાજર હતાં તે દરમ્યાન તેમના ગામના હનીફ અલીભાઈ મીરાજી વડાવીયાનો તેમના બાપુજીના ફોનમાં ફોન આવેલ અને તેમના બાપુજીએ તેમને જણાવેલ કે આપણી વાડી, " પાટી " એ આપણાં ગામના ભરવાડો અશોક નારણભાઈ તેમજ વિપુલ લક્ષ્મણ આ બન્ને પોતાના માલ ઢોર લઈ આપણા ખેતરે ચારે છે તેમ વાત તેઓને કરતાં

તેઓએ કહયુ કે ચાલુ બાપુજી આપણે વાડીએ જવુ છે જેથી તેઓ અને તેમના બાપુજી બન્ને તેમનું મોટર સાઈકલ લઈ વાડીએ આશરે બપોરના ત્રણેક વાગ્યે પહોચેલા ત્યાં જઈને જોયુ તો આ ઉપર જણાવેલ બન્ને ભરવાડો તેના માલઢોર ખેતરમાં ચરાવતાં હતાં જેથી તેઓએ કહેલ કે, અહીયાથી તમારા માલઢોર લઈને જતા રહો તેમના ખેતરમાં તમારા ઢોર ન આવવા જોઈએ તેમ કહેતા આ બન્ને ભરવાડો એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને તેઓ બન્ને બાપ દીકરાને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલા જેથી તેઓએ તેમને કહેલ કે, ગાળો ન આપો મહેરબાની કરીને અહીથી તમારા માલઢોર લઈ જતાં રહો તેમ કહેતાં અશોક નારણ ભરવાડ તેમજ વિપુલ લક્ષ્મણ ભરવાડ રહે. બન્ને રાજા વડલાવાળા એકદમ ઉશ્કેરાઈને તેના હાથમાંની લાકડીઓ વતી તેઓને બન્ને જણાએ મોઢાના જડબામાં જમણી બાજુ માર મારેલ તેમજ ડાબા હાથના કાંડા પાસે લાકડી વતી માર મારેલ તેમજ છાતીમાં લાકડી વતી મુંઢમાર મારેલ છે. "

**૧૩.૧).** વધુમાં ફરીયાદીએ તેમની આંક–૧૧ ની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે,

" આમ, આ બન્ને જણાં તેઓને મારી જતાં જતાં તેઓને તથા તેમના બાપુજીને કહેતા હતા કે, હવે પછી ઢોર ચરાવવા બાતે કાંઈપણ બોલ્યા છો તો તમો બન્ને જણાને જાનથી પતાવી દઈશું એમ ધમકી આપેલ હતી. બાદ આ બનાવમાં તેઓને વાગેલ હોવાથી તેમના બાપુજી તેઓને વાંકાનેર પીર–મસાયખ સાર્વજનીક હોસ્પીટલમાં સારવારમાં લાવેલ છે અને તેમની સારવાર ચાલુ છે અને તેઓ ભાનમાં હોય, અને આ મારામારીના બનાવમાં તેમના બાપુજીને વાગેલ નહી હોવાનું જણાવી, ઉપરના બન્ને સામે ધોરણ સર થવા તેમની ફરીયાદ છે. "

**૧૪).** ઉપરોકત તહોમતને પૂરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે આ કામે સૌ પ્રથમ આંક–૧૦ થી અગત્યના અને મહત્વના ગણી શકાય તેવા ફરિયાદી–ઈજા પામનાર જૈનુલ આબેદીન આહમદભાઈ વકાલીયા નો મૌખિક પુરાવો નોંધેલ છે. આ ફરિયાદી એ પોતાની સરતપાસમાં બનાવ સંદર્ભે એવી હકીકત જણાવેલ છે કે,

" આ કીસ્સાનો બનાવ આજથી આશરે અઢી એક વર્ષ પહેલા બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ બનેલ. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. ટ્રેકટર ચલાવતા હતા તે ભાઈ કે જેનુ નામ ભુરાભાઈ છે તેમનો મને ફોન આવેલો અને તેઓએ જણાવેલ કે, તારા ખેતરમાં ઢોર ચરાવે છે તેથી તેઓ ખેતરે ગયેલ સામે ભરવાડ હતા તેઓ

એ તેમને વાત પણ કરવા દીધેલ નહી અને તેઓને સીધો ઘા મારી દીધેલો. તેઓને માથાના ભાગે મારવા જતા તેઓ ખસી ગયેલો અને તેમને જમણા કાનના નીચેના ભાગે ઈજા થયેલી. આ ઘા તેઓને લાકડીથી મારેલો. આ મારવાવાળા ભરવાડ વિપુલ લક્ષ્મણ અને અશોક નારણભાઈ હતા. તેઓને ઈજા થતા બેભાન થઈ ગયેલો તેથી ત્યારબાદ શુ થયેલુ તેની તેમને ખબર નથી અને તેઓ ભાનમાં આવ્યા ત્યારે દવાખાનામાં હતા. તેઓને પીર–મસાયક હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. ત્યાં તેમની સારવાર કરવામાં આવેલી. આ બનાવ બન્યો ત્યારે વાડીમાં બીજુ કોઈ હાજર ન હતુ. બાદમાં જણાવે છે કે, તેમના પપ્પા હતા પરંતુ તે પાછળ હતા. તેમજ તેમને જે લાકડીથી ઈજા કરવામાં આવેલી તે લાકડી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી તેવું જણાવી આ બાબતની ફરીયાદ તેઓએ આપેલી હોવાનું જણાવી અસલ ફરીયાદ સદર કામે આંક–૧૧ થી રજુ રાખી આરોપીઓને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે."

**૧૪.૧).** સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ ઉલટતપાસના પેરા–૬ માં એ હકીકત ખરી હોવાનું સ્વીકારે છે કે,

" આરોપીઓ તેમના ગામના છે જેથી તેઓ તેમને ઓળખે છે. તેઓએ ફરીયાદ જે તારીખે આપેલી તે તારીખ હાલ તેમને યાદ નથી. તેમજ ફરીયાદમાં જે હનીફભાઈનો ફોન તેમના બાપુજીના ફોનમાં આવેલાનુ જણાવેલ છે તેના ફોન નંબર તેઓએ ફરીયાદમાં લખાવેલા નથી. તેમજ તેઓ જે મોટર સાયકલ લઈને ગયેલો તે મોટર સાયકલના નંબર પણ તેઓએ ફરીયાદમાં લખાવેલા નથી. તેમજ હાલના આરોપીઓએ તેમના ઉપર કેસ કરેલ હોવાની હકીકત ખરી હોવાનું સ્વીકારે છે.

**૧૪.૨).** આમ, આ ફરીયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદીએ તેમની આંક–૧૧ ની ફરીયાદમાં હનીફભાઈ અલીભાઈ મીરાજી વડાવીયાનો તેમના બાપુજી ઉપર ફોન આવેલ હોવાની હકીકત જણાવે છે જયારે સરતપાસમાં ભુરાભાઈનો તેમના ઉપર ફોન આવેલ હોવાની હકીકત જણાવે છે. તેમજ સરતપાસમાં તેઓને જે લાકડી થી ઈજા કરવામાં આવેલ તે ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં આરોપીઓ તેમના ગામના હોય જેથી

ઓળખતા હોવાનું જણાવી તેઓએ ફરીયાદ જે તારીખે આપેલી તે તારીખ હાલ તેમને યાદ નહી હોવાનું તેમજ ફરીયાદમાં જે હનીફભાઈનો ફોન મારા બાપુજીના ફોનમાં આવેલાનુ જણાવેલ છે તેના ફોન નંબર તેઓએ ફરીયાદમાં લખાવેલા નહી હોવાનું તેમજ તેઓ જે મોટર સાયકલ લઈને ગયેલો તે મોટર સાયકલના નંબર પણ તેઓએ ફરીયાદમાં લખાવેલા નહી હોવાનું તેમજ હાલના આરોપીઓએ તેમના ઉપર કેસ કરેલ હોવાની હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે.

**૧૪.૩).** આમ, આ કામના ફરીયાદીનો મૌખીક પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરીયાદમાં જે હકીકતો જણાવેલ છે તેનાથી વિરોધાભાસી હકીકતો તેમના મૌખીક પુરાવા દરમ્યાન જણાવેલ હોય તેથી ઉપરોકત આક્ષેપ ના સમર્થનમાં ફરીયાદીના બાપુજીનો મૌખીક પુરાવો ધ્યાને લેવો જરુરી બની જાય છે.

**૧૫).** ફરીયાદપક્ષ તરફે આંક–૧૫ થી સાહેદ આહમદભાઈ અમીભાઈ વકાલીયાનો મૌખિક પુરાવો નોંધેલ છે. આ સાહેદે પોતાની સરતપાસમાં બનાવ સંદર્ભે એવી હકીકત જણાવેલ છે કે,

" તેમની વાડીએ ગઈ તા.૨૯/૦૫/૨૦૧૪ ના રોજ બનાવ બનેલો. આ બનાવ આશરે અઢી થી ત્રણ વાગ્યાની આસ–પાસ બનેલો. આ બનાવ બન્યો તે વખતે તેઓ તેમના ઘરે હતા. આ બનાવ બાબતે તેઓને ટ્રેકટરવાળા ભાઈ હનીફભાઈએ ફોન કરેલ હતો અને જણાવેલ હતુ કે તારા છોકરાને વાગેલ હતુ અને તે ઘર બાજુ આવે છે. આ ફોન આવતા તેઓ તેમના દીકરાને લેવા જતા હતા અને તેમનો દીકરો તેઓને રસ્તામાં ભેગો થઈ ગયેલ હતો અને તેમના દીકરાને પીર મશાયખ સાર્વજનીક દવાખાને લઈ ગયેલ હતા. ત્યારબાદ તેઓએ તેમના દીકરાને બનાવ બાબતે પુછતા તેણે તેમને જણાવેલ કે, તે વાડીએથી માલઢોર કાઢવા ગયેલ તો ત્યાં માથાકુટ થયેલ. આ માથાકુટ અશોક નારણ અને વિપુલ લક્ષ્મણ સાથે થયેલી. ત્યારબાદ તેઓ તેની સારવારમાં રોકાયેલ હતો, તેઓએ તેને બીજુ કાંઈ પુછેલ ન હતુ. તેમના દીકરાને ગળાના ભાગે અને જમણા હાથમાં ઈજા થયેલ હતી. આ બનાવ બાબતે બીજુ કાંઈ જાણવા મળેલુ નહી. તેમજ તેઓ આરોપીઓને ના.કોર્ટમાં ઓળખી બતાવે છે."

**૧૫.૧).** સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ ઉલટતપાસના પેરા–૫ માં એ હકકીત ખરી હોવાનું સ્વીકારે છે કે, તેમની

હાજરીમાં કોઈ બનાવ બનેલો નથી. પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ ન હતી કે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નથી. તેમજ આરોપીઓ તેમના ગામના હોય તેઓ તેમને વર્ષોથી ઓળખે છે તેવું જણાવી તેઓ તેમની વાડીએ ગયેલ નહી હોવાની હકીકત કબુલ રાખે છે.

**૧૫.૨).** આમ, આ સાહેદ કે જેઓ ફરીયાદીના બાપુજી થાય છે તેઓ બનાવ વખતે ફરીયાદીની સાથે હોવાની હકીકત ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા મૌખીક પુરાવામાં જણાવેલ છે. જયારે આ સાહેદના મૌખીક પુરાવા મુજબ તેઓની હાજરીમાં બનાવ બનેલ નહી હોવાનું તથા બનાવ વખતે તેઓ તેમના ઘરે હોવા અંગેની હકીકત જણાવે છે તથા ટ્રેકટરવાળા હનીફભાઈએ તેઓને જણાવતાં તેઓ બનાવ સ્થળે જતાં હતાં ત્યારે રસ્તામાં તેમનો દીકરો મળેલ વિગેરે હકીકતો જણાવે છે. તેમજ તેઓ ની પોલીસે કોઈ પુછપરછ કરેલ નહી હોવાનું જણાવી તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નહી હોવાની હકીકત કબુલ રાખેલ છે.

**૧૫.૩).** આમ, આ સાહેદનો મૌખીક પુરાવો જોતાં તેઓએ ફરીયાદ અને ફરીયાદીના પુરાવાથી વિરુધ્ધની હકીકતો તેમના મૌખીક પુરાવા દરમ્યાન જણાવેલ હોય સદર સાહેદનો મૌખીક પુરાવો ફરીયાદપક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે.

**૧૬).** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ કેસ મુજબ ફરીયાદીના પિતાને ફોન આવતાં તેઓને ભરવાડ તેમના ખેતરમાં માલ ઢોર ચરાવે છે તેવી જાણ થયેલી તેથી આંક–૨૦ થી સાહેદ હનીફભાઈ અલીભાઈ વડાવીયાનો રજુ થયેલ મૌખિક પુરાવો પણ ધ્યાને લેવો જરૂરી બની જાય છે. આ સાહેદે પોતાની સરતપાસમાં બનાવ સંદર્ભે એવી હકીકત જણાવેલ છે કે,

"તેઓ મામદભાઈ સાવજીભાઈ વડાવીયાને ઓળખે છે તેઓ તા.૨૯/૦૫/૨૦૧૪ ના રોજ બપોરે એક વાગ્યે તેમના ખેતરે ખેતર ખેડવા માટે તેમનું ટ્રેકટર લઈને ગયેલ હતા. તેઓ ખેતર ખેડતા હતા તે વખતે આમદભાઈની વાડીમાં ગાયો–ભેંસો અશોકભાઈ અને વિપુલભાઈ ચરાવતા હતા. ત્યારબાદ તેમનું કામ પતી જતા તેઓ તેમનું ટ્રેકટર લઈને ઘરે જતો રહેલ હતા. ત્યારબાદ શું બનેલુ તેની તેમને ખબર નથી, તેમને પાછળથી પણ કાંઈ જાણવા મળેલ નથી. આમદભાઈના ખેતરમાં ગાયો–ભેંસો જે લોકો ચરાવતા હતા તે બાબતની જાણ તેઓએ આમદભાઈને કરેલ હોય તેવુ બનેલ

નથી."

**૧૬.૧).** સદર સાહેદે તેમના મૌખીક પુરાવા દરમ્યાન તેમના નિવેદનની હકીકત થી વિપરીત અને વિરોધાભાસી હકીકતો જણાવેલ હોય તેઓને ફરિયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરેલ તેમાં તેઓએ એ હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે કે,તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, ' તેઓએ તેમના ગામના આમદભાઈ અમીભાઈ વકાલીયાને તેમના મોબાઈલ ઉપર ફોન કરી આ ભરવાડો માલ ઢોર ખેતરમાં ચરાવે છે તેમ વાત કરેલ અને તેઓ ટ્રેકટર લઈને તેમના ઘરે જતા રહેલ.''

**૧૬.૨)** ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ એ હકકીત ખરી હોવાનું સ્વીકારેલ છે કે,આમદભાઈ અને આ ભરવાડના છોકરાઓ તેમના ગામના છે તેથી તેઓ પહેલાથી તેમને ઓળખે છે. તેમનું કામ ખેતરમાંથી પતી ગયેલુ અને તેઓ નિકળી ગયા બાદ ઘરે જતા રહેલા તેથી ત્યારબાદ શું બનેલુ તેની તેમને કાંઈ ખબર નથી. તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નથી.

**૧૬.૩).** ઉપરોકત સાહેદના પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ મુજબ આંક–૧૧ ની ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદીના પિતાને બનાવના દિવસે બપોરે અઢી વાગ્યાની આસપાસ આ સાહેદનો ફોન આવેલો અને જણાવેલ કે, અશોકભાઈ નારણભાઈ અને વિપુલભાઈ લક્ષ્મણભાઈ તેમના ખેતરમાં ઢોર ચરાવે છે. જયારે આ બાબતે ફરીયાદીએ તેના આંક–૧૦ ના મૌખીક પુરાવામાં તેઓને ભુરાભાઈનો ફોન આવેલ અને ભરવાડ ખેતરમાં ઢોર ચરાવે છે તેવું જણાવેલ હતું. પરંતુ, આંક–૧૫ ના સાહેદ આહમદભાઈ અમીભાઈ કે જે ફરીયાદીના પિતા છે તેમના પુરાવા મુજબ ટ્રેકટરવાળા હનીફભાઈએ ફોન કરી તારા છોકરાને વાગેલ છે અને તે ઘર બાજુ આવે છે તેવું જણાવેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તે તમામ હકીકતે અનુલક્ષીને હાલના સાહેદનો મૌખીક પુરાવો જોવામાં આવે તો, તેઓ સરતપાસ દરમ્યાન તેમનું ખેતર ખેડતાં હતાં ત્યારે આમદભાઈની વાડીમાં ગાયો–ભેસો અશોકભાઈ અને વિપુલભાઈ ચરાવતાં હતાં તેની જાણ આહમદભાઈને કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે. વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ

જાહેર કરી ઉલટતપાસ લેતાં આ સાહેદે કબુલ રાખેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, તેઓએ આહમદભાઈ અમીભાઈ ને ફોન કરી ભરવાડો માલઢોર ચરાવે છે તેવું જણાવેલું.

**૧૬.૪).** આમ, આ સાહેદ હનીફભાઈ અલીભાઈનો પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમની સરતપાસમાં આહમદભાઈને જાણ કરેલ ન હોવાનું જણાવે છે જયારે વિ. એ. પી. પી. શ્રીની ઉલટતપાસ દરમ્યાન આહમદભાઈને જાણ કરેલાની હકીકત પોલીસને લખાવેલ હોવાનું જણાવે છે જયારે આંક–૧૫ ના સાહેદ આહમદભાઈ અમીભાઈ તેમના દીકરાને વાગેલ છે અને ઘર તરફ આવે છે તેવી હકીકત જણાવેલ હોવાનું રેકર્ડ પર જણાતું હોય આ સાહેદનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી.

**૧૭).** ફરીયાદપક્ષ તરફે ફરીયાદીને થયેલ ઈજા સંદર્ભે ડોકટર સાહેદ તરૂણભાઈ મુળુભાઈ મિયાત્રા નો મૌખીક પુરાવો આંક–૧૬ થી નોંધવામાં આવેલ છે. સદર સાહેદે તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદીને તપાસી તેઓને થયેલ ઈજા સંદર્ભે સારવાર આપી તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદી નું સારવાર સર્ટીફીકેટ આંક–૧૭ થી રજુ રાખેલ છે.

**૧૭.૧).** સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ એ હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે કે, આ દર્દી તેમની પાસે સારવાર માટે પોલીસ યાદી વગર આવેલા હતા. આ દર્દી તેમની પાસે આવ્યા ત્યારે સંપુર્ણ ભાનમાં હતા. આ દર્દી સારવાર માટે એકલા આવેલ ન હતા પરંતુ તેમની સાથે કોઈ આવેલ હતુ. આ દર્દીને તેઓએહીસ્ટ્રી પુછતા તેણે મારા–મારીમાં કોઈના નામ જણાવેલ ન હતા. આ દર્દીને જે ઈજાઓ થયેલ હતી તે વાહન અકસ્માતથી કે પતરૂ વાગે તો પણ થઈ શકે તેવી ઈજા હતી. તેમજ પડી જવાથી ધારવાળા પથ્થરથી પણ આવી ઈજા થવાનુ સંભવ છે. ચકકર આવવાની ફરીયાદ કાનમાં દુઃખાવો થવાથી કે, અકસ્માત સિવાય પણ ચકકર આવવાની ફરીયાદ થઈ શકે."

**૧૮).** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ડોકટર સાહેદ યાકુબભાઈ રહેમાનભાઈ પટેલનો મૌખીક પુરાવો આંક–૧૮ થી નોંધવામાં આવેલ છે. સદર ડોકટર સાહેદે તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદી ને તપાસી તેઓને થયેલ ઈજા સંદર્ભે સારવાર આપી તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ આંક–૧૮ થી રજુ રાખેલ છે.

**૧૮.૧).** સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ઘ્યાને લેતાં તેઓએ એ હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે કે, આ દર્દી તેમની સમક્ષ સારવાર માટે પોલીસ યાદી વગર આવેલા. આંક–૧૯ ના સર્ટીફીકેટમાં 'એસોલ્ટ ડીટેઈલ' લખેલ છે તેમાં એસોલ્ટ ડેટ તા. ૦૨/૦૬/૨૦૧૪ ની દર્શાવેલ છે. આ દર્દી તેમની પાસે આવ્યા ત્યારે સંપુર્ણ સ્વસ્થ હતા અને ભાનમાં હતા. વધુમાં તેઓએ એ હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે કે, આ દર્દીએ મારામારીની જે હકીકત જણાવેલી તેમાં મારવાવાળાના નામ જણાવેલ ન હતા. ઉલ્ટી–ઉબ્કા આવવાના ઘણા કારણો છે.

**૧૮.૨).** આમ, ઉપરોકત બન્ને તબીબી સાહેદોની બચાવપક્ષ તરફે ઉલટતપાસની હકીકતો જોતાં ફરીયાદીએ તેમની સમક્ષ મારામારીની જે હકીકત જણાવેલી તેમાં મારવાવાળાના નામ જણાવેલ નહી હોવાની હકીકત આ સાહેદોએ કબુલ રાખેલ છે. આમ, ઉપરોકત જણાવેલ તબીબ સાહેદોના પુરાવા થકી ફરીયાદીને જે ઈજાઓ થયેલ છે તે બાબતે વિગતવારનો પુરાવો આપેલ છે. પરંતુ આ કામના ફરીયાદીએ તેઓ સમક્ષ જે હીસ્ટ્રી જણાવેલ છે તેમાં ફરીયાદીને મારવા વાળાના વ્યકિતઓના નામ ફરીયાદીએ જણાવેલ નથી.આમ, તબીબ સાહેદ તે નિષ્પક્ષ અને તટસ્થ સાહેદ છે તેમજ નિષ્ણાંત સાહેદ તરીકે તેમનો પુરાવો કેસના ન્યાય નિર્ણય માટે ખુબજ મહત્વનો ગણાય છે. પરંતુ, જયારે આ કામના ફરીયાદીએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકતથી વિરોધાભાસી હકીકતો જણાવેલ હોય તેમજ તબીબી અધિકારી સમક્ષ મારવાવાળા ના નામ જણાવેલ ન હોય ત્યારે તબીબી સાહેદોના પુરાવા મુજબ ફકત ઈજાઓ જણાતી હોય તે કારણોસર તહોમતદારોને કસુરવાર ઠરાવવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૧૯).** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૨, આંક–૧૪, આંક–૨૪, તથા આંક–૨૬ થી પંચ સાહેદો ને તપાસવામાં આવેલા છે અને તેઓએ આંક–૧૩ તથા આંક–૨૫ ના પંચનામા બાબતે પુરાવો આપી પંચનામાઓમાં ફકત તેમની સહીઓ લેવામાં આવેલ પરંતુ પંચનામાની કાર્યવાહી બાબતે તેઓ કાંઈ જાણતાં નહી હોવાની હકીકત જણાવે છે. પરંતુ જયારે તપાસ કરનાર અમલદારે તેમના આંક–૩૨ ના પુરાવામાં પંચનામાની કાર્યવાહી બાબતે વિગતવારનો પુરાવો આપી પંચનામાને ઓળખી બતાવેલ છે અને તેથી તે પંચનામાઓ ન માનવાને કોઈ કારણ રહેતું નથી. પરંતુ

હાલના કેસમાં ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાતો ન હોય પ્રત્યક્ષ પુરાવાના અભાવે પંચનામા થકી તહોમદારોને કસુરવાર ઠરાવવા ન્યાયના હીતમાં યોગ્ય જણાતું નથી.

૨૦). ફરીયાદપક્ષ તરફે આંક–૨૭ થી પી. એસ. ઓ. તરીકે ફરજ બજાવતાં સાહેદ જોરાજીભાઈ સવજીભાઈ ભાટી નો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે, અને તેઓએ હાલના કામે લેવામાં આવેલ ફરીયાદ અન્વયે ગુન્હો રજીસ્ટર્ડ કરી, તેની વધુ તપાસ તપાસ કરનાર અમલદાર સમક્ષ મોકલી આપ્યા બાબતનો પુરાવો આપેલ છે. અને ત્યારબાદ આંક–૩૨ થી તપાસ કરનાર અમલદાર પી. આઈ. શ્રી પ્રકાશચંદ્ર અંબારામભાઈ દેકાવાડીયા નાએ હાલના કામે તપાસની આગળની કાર્યવાહી અંગેનો વિગતવારનો મૌખીક પુરાવો આપેલ છે પરંતુ જયારે આ કેસમાં મહત્વના ગણી શકાય તેવા સાહેદો એટલે કે, ફરીયાદી તથા અન્ય સાહેદોએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન હાલના ગુન્હામાં તહોમતદારોને સાંકળી શકાય તેવો સબળ અને સચોટ હકીકતો જણાવતાં નથી અને ફરીયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો પણ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી જણાય છે ત્યારે તપાસ કરનાર અમલદારના પુરાવા ના આધારે ફરીયાદપક્ષનો કેસ નિઃશંકપણે સાબિત થયેલ છે તેવું માની શકાય નહી.

૨૧). આમ, ઉપરોકત વિગતવારની ચર્ચા કર્યા મુજબ, હાલના કામે ફરીયાદી/ઈજા પામનાર સાહેદનો પુરાવો મહત્વનો ગણી શકાય પરંતુ તેઓએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકત થી વિરોધાભાસી હકીકતો જણાવેલ છે તેમજ તેઓએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન તેઓને જે લાકડીથી ઈજા કરવામાં આવેલ તે લાકડી તેઓને બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તેવી હકીકતો જણાવેલ છે. તેથી ફરીયાદી/ઈજા પામનાર સાહેદનો પુરાવો અવિશ્વસનીય જણાઈ આવે છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોનો મૌખીક પુરાવો જોતાં તેઓએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન તેમના નિવેદનની હકીકત થી વિરોધાભાસી હકીકતો જણાવેલ છે જેથી ઉપરોકત તમામ સાહેદોના પુરાવા થકી તહોમતદારોને કસુરવાર ઠરાવવા ઉચિત જણાતું નથી. જેથી ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના સાતત્યપુર્ણ પુરાવાના આધારે તહોમતદારોને કસુરવાર ઠરાવી શકાય નહી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ પંચ સાહેદોનો મૌખીક પુરાવો જોતાં તેઓએ માત્ર

પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષ તરફે ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, ફોજદારી ન્યાય શાસ્ત્ર ના સિધ્ધાંતો મુજબ તહોમતદારો વિરુધ્ધ નો ગુન્હો વ્યાજબી શંકાથી પર અને નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલ છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે પુરાવા અધિનિયમની જોગવાઈ ઓ મુજબ સબળ પુરાવો રજુ કરવાનો રહે છે. અન્યથા તેનો લાભ મેળવવા તહોમતદારો મળવા પાત્ર છે. હાલના કામે ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેને મુલવતાં ફરીયાદપક્ષનો પુરાવો કેસ નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનું જણાઈ આવતું નથી. અને ફરીયાદપક્ષનો પુરાવો શંકાસ્પદ હોય તો શંકા ગમે તેટલી પ્રબળ હોય તે પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. તેથી હાલના તહોમતદારોએ ભારતીય દંડ સહીતાની કલમઃ–૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ હોય તેવું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય ઉપરોકત ચર્ચા ના અનુસંધાને **મુદા નં.૧** નો નિર્ણય **' નકાર માં '** આપવામાં આવેલ છે.

**<u>મુદા નં.૨</u> ::**

**૨૨).** તહોમતદારો વિરૂદ્ધ આક્ષેપીત ઉપરોકત ગુના સબબ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઈએ તો, ફરીયાદપક્ષ તરફે આંક–૨૧ થી સાહેદ મહેશભાઈ લાલજીભાઈ નકુમ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ મોરબી જીલ્લા કલેકટર કચેરી ખાતે મેજીસ્ટ્રીયલ શાખામાં ફરજ બજાવે છે. ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયે તેમની કચેરીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આર.એમ. ડામોરે જાહેરનામુ બહાર પાડેલુ જે જાહેરનામા મુજબ સને–૨૦૧૪ ના મે માસમાં હથિયાર બંધી અંગેની જાહેરાત હતી. જે જાહેરનામાની ખરી નકલ માં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આર. એમ. ડામોરની સહી ઓળખી બતાવી સદર કામે આંક–૨૨ થી રજુ રાખેલ છે. વધુમાં જણાવે છે કે, આ જાહેરનામુ સમગ્ર મોરબી જિલ્લા વિસ્તાર અન્વયેનુ બહાર પાડવામાં આવેલ હતુ.

**૨૨.૨).** સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ હકીકત ખરી હોવાનું સ્વીકારે છે કે, આ જાહેરનામુ તેમના અધિકારી ધ્વારા બહાર પાડવામાં આવેલ હતું.

**૨૨.૩).** આમ, સદર સાહેદની જુબાનીમાં આંક–૨૨ થી હથીયારબંધી ના જાહેરનામાની નકલ રજુ કરેલ છે. પરતુ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ ફરીયાદી સાહેદે સાહેદે તેમના પુરાવા દરમ્યાન આ કામના તહોમતદારો ફરીયાદી ને મારવા માટે લાકડી જેવું હથીયાર ધારણ કરી તેઓને ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તેમના મૌખીક પુરાવા દરમ્યાન મુદામાલ માંથી તે હથીયારને ઓળખી બતાવેલ નથી. તેમજ ફરીયાદ હકીકત થી વિરોધાભાસી હકીકતો તેમના મૌખીક પુરાવા દરમ્યાન જણાવેલ છે તેમજ આ કામે પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ ન હોય તેવા સંજોગોમાં આ કામે આંક–૨૨ થી રજુ થયેલ હથીયારબંધીના જાહેરનામાની નકલ વંચાણે લેતા બનાવ સમયે અને સ્થળે હથીયારબંધીનું જાહેરનામુ અમલમા હોવાનું જણાઈ આવે છે. પરંતુ ફરીયાદપક્ષ તરફથી તપાસવામા આવેલ ફરીયાદી/ઈજાપામનાર સાહેદે તેમના મૌખીક પુરાવા દરમ્યાન હથીયાર અંગે વિરોધાભાસી હકીકતો જણાવેલ હોય ત્યારે આ કામના તહોમતદારો પૈકી કોઈપણ તહોમતદારે બનાવ સમયે બનાવ સ્થળે લાકડી જેવું હથીયારો ધારણ કરેલ હોય તેવી કોઈ જ હકીકત પુરવાર કરેલ નથી અને તેથી આ કામના તહોમતદારો સામે આક્ષેપીત ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭(૧) ૧૩૫ મુજબના ગુનાનું તહોમત સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. અને તેથી **મુદા નંબર–૨** નો નિર્ણય પણ તે રીતે **" નકારાત્મક "** આપવામા આવે છે.

**મુદા નં. ૩ ::**

**૨૩).** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ઘ્યાને લઈ, મુદા નં.૧ અને ૨ ના નિર્ણયો ને ઘ્યાનમાં લઈ, આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ઘ્યાને લઈ, મુદા નં.૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના તહોમતદાર **નં.(૧) અશોકભાઈ નારણભાઈ ટોળીયા ભરવાડ,** ઉ. વ. ૨૧, ધર્મે–હીન્દુ, ધંધો–પશુ પાલન, તથા **નં.(૨) વિપુલભાઈ લક્ષ્મણભાઈ ટોળીયા ભરવાડ,** ઉ.વ.૧૯, ધર્મે–હીન્દુ, ધંધો–પશુ પાલન, રહે.બન્ને જુના રાજા વડલા તા.વાંકાનેર, જી.મોરબી નાઓને, ક્રિ. પ્રો. કોડની કલમઃ–૨૩૫(૧) મુજબ, વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના



સેસન્સ જજ,
મોરબી.

રજીસ્ટર નંબર–૩૯/૨૦૧૪ ભારતીય દંડ સંહિતાની કલમઃ–૩૨૩, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧) ૧૩૫ મુજબના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** તહોમતદારો હાલે જેલ મુકત હોય, તમામ તહોમતદારોએ સી. આર. પી. સી. કલમ : ૪૩૭(એ) ના સુધારા મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સંબંધે તહોમતદારોએ હુકમની તારીખ થી દિન–૩ (ત્રણ) માં રુ.૫૦૦૦–૦૦ (અંકે પાચ હજાર પૂરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

**(૩)** આ કામના મુદ્દામાલનો અપીલ પીરીયડ પૂર્ણ થયા બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૫ મી, માહે–એપ્રીલ, સને–૨૦૧૯ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**( આર.એ.બુખારી–ઘોઘારી )**
**સેશન્સ જજ, મોરબી.**
કોડ નંબર–જીજે ૦૦૯૧૬

**તારીખ :–૧૫/૦૪/૨૦૧૯.**
**મોરબી.**